## WEBSITE URL: https://frcgujarat.org

## ➢ સ્વનિર્ભર (ખાનગી) શાળા માટે અગત્યની સૂચના:

- ✓ સ્વનિર્ભર (ખાનગી) શાળાએ અગાઉ ઓફલાઈન એફિડેવીટ FORM IV પ્રક્રિયા દ્વારા ફી નિયમન સમિતિને અરજી કરેલ હોય, તેવી શાળાએ રજીસ્ટ્રેશન કરવાની જરૂર નથી. શાળાનો UDISE અને અધિકૃત મોબાઈલ નંબર પર આવેલ OTP આપી પાસવર્ડ બદલી શકાશે, ત્યારબાદ શાળા લોગ ઈન થઈ શકશે.
- ✓ આ શાળા UDISE કોડ/પાસવર્ડ આપી School Log In માં જઈને વેબપોર્ટલ પરની સુચનાઓ મુજબ ઓનલાઈન એફિડેવીટ ફોર્મ IV ની કાર્યવાહી કરી શકશે.
- ✓ **સ્વનિર્ભર (ખાનગી) શાળા વર્ષ: 2026–27ની ફી નક્કી કરવા અંગે ફી નિયમન સમિતિને આપવાની ઓનલાઈન એફીડેવીટ Form IV અરજી તા.01/09/2025 થી 31/10/2025, 23.59 કલાક દરમિયાન સ્વનિર્ભર શાળા પોતાના UDISE કોડ દ્વારા વેબપોર્ટલ પરની સૂચનાઓને ધ્યાને લઈને એફીડેવીટ Form IV અરજી ઓનલાઈન ભરી શકશે.**
- ✓ સ્વનિર્ભર (ખાનગી) શાળા **પ્રથમ વખત એફિડેવીટ** પ્રક્રિયા દ્વારા ફી નિયમન સમિતિને અરજી કરવાની હોય, તેવી શાળાએ રજીસ્ટ્રેશન માટે જરૂરી આધાર–પુરાવાઓ (UDISE, School Name, Recognition Certificate, Authority Letter, etc.) સાથે DEO/DPEO/FRC Zone Officer અથવા HelpLine પર જાણકારી આપી સ્વનિર્ભર (ખાનગી) શાળા ઓનલાઈન એફિડેવીટ માટે રજીસ્ટ્રેશન કરાવવાની રહેશે.
- ✓ **ત્યારબાદ શાળા UDISE કોડ દ્વારા School Log In માં જઈને વેબપોર્ટલ પરની સુચનાઓ મુજબ ઓનલાઈન એફિડેવીટની કાર્યવાહી કરી શકશે.**

* * * * *

## FRC GUJARAT STATE - TECHNICAL SUPPORT

MOBILE : +91 99099 71456 (Time: 11.00 to 19.00)

WHATSAPP : +91 99099 71456 (24Hrs.)

E-MAIL ID: it.frc.gujarat@gmail.com


## ઓન-લાઈન એફિડેવીટ કામગીરી અંગે સામાન્ય સૂચનાઓ :

- સ્વનિર્ભર શાળાએ https://frcgujarat.org વેબસાઈટ પર રહેલ મેનુમાં LOG IN પર જવું.
- LOG IN ખૂલતા તેમાં રહેલ School Log In પર જવું(ક્લિક કરવું). નીચે મુજબ દેખાશે.




- સ્વનિર્ભર શાળાએ School Code તરીકે શાળાનો UDISE કોડ લખવાનો અને Password આપવાનો રહેશે. જેથી શાળા લોગ ઈન થઈ શકશે.


- સૌ પ્રથમ વખત Log In કરતા હોય ત્યારે શાળાએ પોતાનો પાસવર્ડ મેળવવા માટે Forgot Password? પર ક્લિક કરવું.




**– અગાઉ એફિડેવીટ અરજીમાં આપેલ શાળાનો સંપર્ક મોબાઈલ નંબર XXXXX 99999 દેખાશે.**




– સ્વનિર્ભર શાળા સંપર્ક મોબાઈલ નંબરના XXXXX 99999 માં પાછળના પાંચ અંક સાચા હોય તો, શાળા એફિડેવીટ કરનાર અધિકૃત કર્મચારીએ અગાઉ એફિડેવીટ અરજીમાં આપેલ શાળાનો અધિકૃત મોબાઈલ નંબર 99999 99999 આપવો. આ નંબર પર OTP આવશે, આ OTP ચકાસ્યા બાદ Password બદલવા માટે New Password & Confirm Password આપવાનો રહેશે. ત્યારબાદ સ્વનિર્ભર શાળાએ Log In માં School Code તરીકે શાળાનો UDISE કોડ લખવાનો અને નવો આપેલ Password આપવાનો રહેશે. **જેથી શાળા લોગ ઈન થઈ શકશે.**







## SCHOOL Log In :

– સ્વનિર્ભર શાળા પોતાના લોગ ઈનમાં ગયા બાદ ડાબી બાજુ રહેલ મેનુમાં FORM IV પર ક્લિક કરવાનું રહેશે.

– સ્વનિર્ભર શાળાએ એફિડેવીટ અરજી ઓનલાઈન કરવાના સમયે 1.Previous Order* અને 2.Recognition Certificate/Permission Letter*ની વિગતો સ્પષ્ટ વાંચી શકાય તે મુજબ સ્કેન કરીને PDF ફાઈલ સ્વરુપે તૈયાર રાખવી. આ બંને ફાઈલો ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

– સ્વનિર્ભર શાળાએ ધોરણ Pre-Primary થી 8 અને/અથવા ધોરણ 9 થી 12 માટે આપની શાળા કાર્યક્ષેત્ર સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની પસંદગી ફરજીયાત કરવાની રહેશે. ત્યારબાદ ફી ની વિગતો ઓનલાઈન ભરવાની રહેશે.




– સ્વનિર્ભર શાળાએ વર્ષઃ 2026–27 માટે ધોરણ–માધ્યમ–બોર્ડ પ્રમાણે ફી અંગેની માહિતી ભરી અને SAVE પર ક્લિક કરવું.

– સ્વનિર્ભર શાળા એફિડેવીટ અરજી SAVE ત્યારબાદ SUBMIT થયા બાદ Affidavit Form IV Print પર ક્લિક કરતાં આપે ભરેલ ફી ની વિગતો Affidavit Form IV ફોરમેટમાં દેખાશે. જે ફાઈલને ડાઉનલોડ કરી, સ્વનિર્ભર શાળાએ પ્રિન્ટ કરેલ Affidavit Form IV અરજીને FRC Act & Rules (ફી નિયમન સમિતિના કાયદા–નિયમો) મુજબ નોટરાઈઝ્ડ કરાવવી.

– નોટરાઈઝ્ડ કરેલ Affidavit Form IV અરજીને સ્કેન કરીને PDF ફાઈલ સ્વરૂપે Affidavit Form IV Scan (Copy)* અપલોડ કરવી. ત્યારબાદ શાળાએ એફિડેવીટ અરજીને Confirm and Submit કરવાની રહેશે. જેથી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના લોગ ઈનમાં આપે કરેલ Affidavit Form IV અરજી ઓનલાઈન મળી જશે.


– નવી મંજૂર થયેલ સ્વનિર્ભર શાળાએ પ્રથમ વખત એફિડેવીટ અરજી ઓનલાઈન કરવાની હોય તે શાળાએ ☐ New School પર ક્લિક કરવું, જેથી 1.Previous Order* ની PDF ફાઈલ અપલોડ કરવાની જરૂર રહેશે નહીં. પરંતુ 2.Recognition Certificate /Permission Letter* સ્પષ્ટ વાંચી શકાય તે PDF ફાઈલ ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

– સ્વનિર્ભર શાળાએ ભરેલ ફીની વિગતો અને અપલોડ કરેલ માહિતી યોગ્ય નહીં જણાય તો, આપની શાળા કાર્યક્ષેત્ર સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અરજીની ચકાસણી કરી રીમાર્કસ સાથે એફિડેવીટની અરજી ઓનલાઈન જ શાળાને પરત (રીવર્ટ) કરશે. ત્યારબાદ ફરીથી સ્વનિર્ભર શાળાએ પોતાના લોગ ઈનમાંથી ઉપરોક્ત પદ્ધતિ મુજબ અરજીની માહિતી અને જરૂરી ડોક્યુમેન્ટસ અપલોડ કરી શાળાએ ઓનલાઈન એફિડેવીટ અરજીને Confirm and Submit કરવાની રહેશે. જેથી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના લોગ ઈનમાં શાળાએ કરેલ ઓનલાઈન અરજી મળી જશે.

– સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સ્વનિર્ભર શાળાની ઓનલાઈન અરજીમાં અપલોડ કરેલ નોટરાઈઝડ એફિડેવીટ અને ડોક્યુમેન્ટ્સની જિલ્લા કચેરીના રેકર્ડ સાથે ચકાસણી કરશે. જિલ્લા કચેરીના રેકર્ડ મુજબ સ્વનિર્ભર શાળાના ડોક્યુમેન્ટ્સ યોગ્ય જણાશે તો, સ્વનિર્ભર શાળા દ્વારા ઓનલાઈન કરેલ એફિડેવીટ અરજી ફી નિયમન સમિતિને ઓનલાઈન મોકલી આપશે.

– સ્વનિર્ભર શાળા પોતાના લોગ ઈનમાં સમયાંતરે Affidavit IV Application નું Status જોઈ શકશે.

School Communication Details:



* * * * *